એજી અનંત એવા છે તે મહેલમાં,
તે ઘરની શોભા છે ત્યાંય;
મોમન રીખીસર તે મહેલમાં,
લીણાં લાડ કરશે ત્યાંય—ચેતો૦ ૧૪
એજી એવા ઘર તે જીવ પામશે,
જે ચાલશે આપણા સતપંથ માંય;
ખરા દસોંદી સુકરીત વંતા,
તેની સાંખ છે એલમ માંય—ચેતો૦ ૧૫
એજી તે એલમ આલથી પ્રગટયા,
તેની શાખ છે કુરાન માંહે;
કુરાન કુદરત માંહેથી ઉતરીઆ,
તેની સાખ છે એ ઘર માંહે—ચેતો૦ ૧૬
એજી એ ઘર દેખી જે ભુલશે,
તેતો જાશે દોજખ માંહે;
આદ ઉણીઆદેથી એ ઘર કહીએ,
તેને સીરેવતાં વીલંબ ન કીજે કાંઇ—ચેતો૦ ૧૭
એજી ભરમાને વીશનું મહેશર કહીએ,
તેતો સરવે છે એ ઘર માંએ;
એ ઘરમાંથી આલજ ચાલીઆ,
તેતો પરવરીઆ પીરોથમી માંએ—ચેતો૦ ૧૮
એજી તારે વીશનું વર દાતાર થયા,
કીરપા કીધી ભરમાજી ઉપરે ત્યાંય;
તમો જાઓ જુગમાંહે વાણી કરો,
અમે સાથે આવશું ત્યાંય—ચેતો૦ ૧૯
એજી તેને ફરમાને ભરમાજી જુગમાંહે આવીઆ,
વાણી કીધી ત્યાં જુગમાય;
પ્રબોધી પીરોથમી ભરમાજીએ,
ધરમ મારગ ચલાવીઆ ત્યાંય—ચેતો૦ ૨૦
એજી અનંત કલપ એવા વહી ગયા,
પછે આવ્યા તે ચાર કલપ ત્યાંય;
તે માંહે ત્રણ કલપ વરતીઆ;
ભરમાજીને ફરમાને રહયા ત્યાંએ—ચેતો૦ ૨૧

એજી કલપ માંહે પરવરીઆ,
ચાર જુગ તે કીવા માંહે;
આદ ઉણીઆદે ભેલ્ના હતા,
સતગુરૂ શામીજીએ સેવાએ—ચેતો૦ ૨૨
એજી ત્યાંથી સતગુરૂ પરગટીઆ,
અને આવીઆ તે ચાર જુગ માંહે;
તે માંહે ત્રણ જુગ વહી ગયા,
તેના જીવડા પોતા થાનક માંહે—ચેતો૦ ૨૩
એજી તે અવતારે અવતાર વહી ગયા,
રચના કીધી વીશનુ ભરમાજી ત્યાંએ:
આજ છેલ્લી સંધ કલજુગ સંધે,
મુરતજા અલી અવતરીઆ મકકા માંએ—ચેતો૦ ૨૪
એજી ત્યાંથી આલજ ચાલીયા,
તેતો આવીઆ કેહેક નગરી માંહે;
શ્રી ઈસલામ શાહ ત્યાં નર કહીએ,
શાહ ગરીબનું તેજજ માંહે—ચેતો૦ ૨૫
એજી એ ધર શ્રેવે જે સતસું,
તેના પાતક સરવે જાય;
અવતારે અવતાર ઓળખે,
તેને પેલે મોક્ષ મુકતજ થાય—ચેતો૦ ૨૬
એજી એ ઘેર દસોંદજ દીજીએ,
તે માંહે આળસ ન કરીએ લગાર;
અનેક જીવ આગે ઉધરીઆ,
તેણે ઓળખીયો પોતાનો ભરથાર—ચેતો૦ ૨૭
એજી દસોંદ વિના નહિ છુટશો,
સાંભળો મુનીવરો કહું છું વારોવાર;
છેલો અખાડો આ જુગ તણો,
તે માંહે હાથસું કરી લીઓ સંભાર-ચેતો૦ ૨૮
એજી દસોંદ દસમી પાંતી કહીએ,
તેતો આલો એ નરજીસું આહાર;
ચાલીસો તે પીર મુખે આલીએ,
મોમન તણો એ છે વેવાર—ચેતો૦ ૨૯

એજી તેને તમે જાઈ જીવતો કરો,
નહીતો હું પીડીશ તમને ને તમારા પરીવાર;
તારે કાજી મુફતી અરજ કરે,
ચંડો નાંખો તે નગર મીંજાર—ચેતો૦ ૨૭૮
એજી તારે પડો ફેરાવીઆ શહેરમાં,
તે કોઈ આવે પએકાંબરનો પરીવાર;
તારે શહેર સઘલો ભેળો થયો,
કેણેથી નવ ઉઠીઓ એ બાળ—ચેતો૦ ૨૭૯
એજી તારે માંહોમાંહે બેઠા વાતું કરે,
તેને મને તે બહુરે જંજાલ;
આપણને પાતશા પીડશે,
સઉની કાઢશે તે નઓદજ સાર—ચેતો૦ ૨૮૦
એજી તારે સરવે શેહેરને સેંસો પડીઓ,
તે માંહે એકને તે ઉપનો વીચાર;
એક મરદ બેઠો છે મએતમાં,
તેને તેડી લાવો પાતશાને દુઆર—ચેતો૦ ૨૮૧
એજી તારે સરવે કચેરી ઉઠી કરી,
તે તો આવીઆ મએત મીંજાર;
સતગુર શમસ ત્યાં બેઠા હતા,
તાંસું કરીઓ તે સરવે વીચાર—ચેતો૦ ૨૮૨
એજી સતગુર આગળ સઉ વીનતી કરે,
પાતશા પીડશે અમને ને અમારાં પરીવાર;
તે માટે સાહેબ તમે કીરપા કરો,
અને ઉઠાડો તે પાતશાનું બાળ—ચેતો૦ ૨૮૩
એજી સતગુર શમસ તારે પુછીયું,
આ શહેરમાંએ નહી કોઈ પએકાંબરનું પરીવાર?
જેણેથી એ બાળક ઉઠે,
જે છે પાતશાનું પરીવાર—ચેતો૦ ૨૮૪
એજી અમેરે ગુલામ નબી મહમદ તણા,
શીયો છે અમારો ભાર;
જે ઓલીઆ ઈસ નગર તણા,
તેને પુછીને કરો તકરાર—ચેતો૦ ૨૮૫

એજી સુપાત્રે દાન દેતાં ઓછું આણુશે,
અને બીજે પાખડે રાખશે વેવાર;
તેને શ્રી સતગુરૂજી પોતાનો નહિ કરે,
તેતો જાશે નરક દુઆર–ચેતો૦ ૩૭૪
એજી તે સુપાત્રે દાન દેતાં ઓછું આણુશે,
અને ચારે ચરખટે તે રહેશે હુશીઆર;
પણ સતપંથ વિન્યા ધરમ છે જેટલા,
તેતો સરવે મીથ્યા સાર–ચેતો૦ ૩૭૫
એજી જેણે સતગુરે ધરમ દેઇને સાહેબ દેખાડીઆ,
પરગટ હાજર જોમું પાત્ર અવતાર;
બીજા સંસારથી ગુપતજ રહીએ,
એક સતગુરૂ મુખે રાખીએ વિચાર–ચેતો૦ ૩૭૬
એજી તેણે સતગુરે રૂકીશરૂને સંભળાવીયું,
જાહેર દેખાડીએ નરનકલંકીનો અવતાર;
એ નર દેખી જે જીવ ભુલશે,
તેનું ઠામ નહિ ઉરાર ન પાર–ચેતો૦ ૩૭૭
એજી એવી વાણી સતગુરે કહી,
તેનું મોમનભાઈ તમે રાખજો વિચાર;
આ સંસારની માયા છે મીઠડી,
તેણેથી મન થર નહિ રહેશે લગાર–ચેતો૦ ૩૭૮
એજી તે માંએ જે જીવ ચેતશે,
અને મેલશે મોહો માયાનું જંજાલ;
જે ખરા દસોંદી સુકરીતવંતા,
તે હાજર જોમું સહી કરી માનશે નીરધાર–ચેતો૦ ૩૭૯
એજી તે જીવ અમ ઘર આવશે,
તેને કલજુગ નહિ લુપશે લગાર;
આ અન પુત્ર માયા સરવે કારમી,
તેને જાતાં ન લાગે વાર–ચેતો૦ ૩૮૦
એજી એવી વાણી સતગુરે કહી,
મુરીદ કીધા મુલક ઉંચ મીંજાર;
સતપંથ ગુરે ગુપત ચલાવીઆ,
તેના રકીસરોને કહીઓ સરવે વીચાર–ચેતો૦ ૩૮૧

એજી તે સતગુરના પીર નસીરદીન ઉપના,
તેતો સતગુર શમસના પરીવાર;
તેણે સતગુરે બહુ જીવ બોધીઆ,
તે તો વસે છે ઉંચ મીંજાર—ચેતો૦ ૩૮૨
એજી પીર નસીરદીન તે નુર નબી મહમ્મદ તણા,
તેનો પીર સાહેબ દીન પરીવાર;
આલ અલી નબીજીની તે કહીએ,
આદ ઉણીઆદથી ચાલીઓ એ પરીવાર—ચેતો૦ ૩૮૩
એજી પીર સાહેબદીનના નુરમાંએથી સીરજીઆ,
સતગુર પીર સદરદીન કરોડ બારના તારણહાર;
તેતો શ્રી ઇસલામશાહા પાસેથી બકશાવીઆ;
તેતો પામીઆ મોખ મુગત દીદાર-ચેતો૦ ૩૮૪
એજી પીર સદરદીન એ નરની સેવા કરી,
અને જાણીઓ એહ નકલંકીનો અવતાર;
જુગાજુગ એ નરની સેવા માંએ રહીયા,
ઓળખીઓ અવતારે અવતાર—ચેતો૦ ૩૮૫
એજી સતગુરે પોતે પીયાર કીધો પ્રેમસું,
અને એવા તે કીધી સામીજીની સાર;
તારે નર શ્રી ઇસલામ શાહા નવાજીયા,
ને ત્રુઠા તે વર દાતાર—ચેતો૦ ૩૮૬
એજી ચોરાએશી આસણે પીરે તપ સાધીઆ,
અને શામીજી ઉપરે ધરી અતી પીયાર;
આસણે આસણે તપ .સાધીઓ,
અને ગીરીયા કીધી તે બહુ અપાર—ચેતો૦ ૩૮૭
એજી છત્રીસ જુગ ને ચોરાએશી ચોકડીયું,
સતગુરે તપ સાધીયા સાર;
ત્યાં અનેક અનેક તપ આદરીયા,
તેનો કાંએ ન થાએ વીસ્તાર—ચેતો૦ ૩૮૮
એજી આઠ લાખ કરણ આગે તપસા કરી,
ચાર કલપ ચાર જુગજ સાર;
તેતો અલી રૂપે નર નકલંકી ઓળખીઓ,
તેતો સતગુર બરમા નબી મહમ્મદનો અવતાર—ચેતો૦ ૩૮૯

એજી માત તાત તમે બંધવા,
અમારા સામ સદાય છો ભરથાર;
અમે બંદી સંદાય તમ તણી,
તમે પુરૂષ છો નીરીંજન અવતાર-ચેતો૦ ૪૭૮
એજી બાંહાં ગીરહીને અમને ઉગારીયા,
જાતી કાઢી તે શાહેર મીંજાર;
અમારા અવગુણ સામું તમે નવ જુઓ,
જેનું નહી લંભે અંત ન પાર-ચેતો૦ ૪૭૯
એજી મુજ નારીથી બહુ અવગુણ થયા,
તે સામીજી લઇ આવી છું તમારે દુવાર;
તે અમારા અવગુણ સામું નવ જોયું,
અમને લઈ રાખી પોતાને દુવાર-ચેતો૦ ૪૮૦
એજી સામી અમે ઉણીયાચારી બંદા,
મારૂં જોર ન ચાલે લગાર;
તે ગુનેગાર નારીને સામી તમે પાવન કરી,
તે સામી તમારા ગુણનો ન લંભે પાર-ચેતો૦ ૪૮૧
એજી દેવ દુવારે અમે આવીયા,
જ્યાં છુટે તે સરવે જીવુંને જંજાર;
જ્યાં હીણા ખીણા આગે કંઇ જીવ ઉધરીયા,
ત્યાં સામી અમારો જીવ છે ઉમેદવાર-ચેતો૦ ૪૮૨
એજી તેને પરતાપે સામી અમને બકશજો,
અમારા એબ છે અપાર;
કાંઈ ગુણ નહી અમારો રતી જેટલો,
જેથી રીઝે અમારો ભરથાર-ચેતો૦ ૪૮૩
એજી તારે નર નકલંકી મયા કરી બોલીયા,
સામી સહુના સીરજણહાર;
અનંત કરોડ જીવુંને મયા કરી,
ત્રુઠા તે હસનશાહાને નર અવતાર-ચેતો૦ ૪૮૪
એજી અણંતનો વર તમને આપીયો,
તમે જાઇ દુનીઆમાં બોધ કરજો સાર;
તમ ભરમાને અમે બકશીયા,
અનંત કરોડ જીવુંની સાથે આવશો અમારે દુવાર-ચેતો૦ ૪૮૫

એજી આ કલજુગ સંધે જે જીવ રહેઆ,
તેતો કુબુધિનું કરશે આચાર;
તે જીવ ધરમ બુધિએ નહિ ચાલશે,
તે નીંદા જુઠસું રાખશે વેવાર—ચેતો૦ ૫૦૨
એજી જયાં સાડા ઓગણીશ વેસુઆ પાપના,
અને અરધો વેસુઓ સત ધરમનો સાર;
આ કલજુગ કઠણ એવો પાપનો,
તે કોણ ચાલશે ધરમ આચાર—ચેતો૦ ૫૦૩
એજી સંસાર સઘળો ભમે જુઠમાં,
તેની જુઠી કીરીયા ને જુઠો આહાર;
તે જુઠા જુઠીએ મીજલસે જાઇ બેશશે,
તેતો આપ મુરાદી મન હઠી અપાર—ચેતો૦ ૫૦૪
એજી ત્યાં સહુ મલીને ધરમ ખંડત કરશે,
આ કલજુગ સંધે જીવુંમો એવો છે આચાર;
આ જીવોને ધરમ કેવું લાગશે,
જે સીધું બોલતાં કરે આપકાર—ચેતો૦ ૫૦૫
એજી એવો સંસાર બાકી રહીઆ,
સામી તેનો તે અમ સીર રાખીઓ ભાર;
સંસાર સઘલો પાખંડ તણો,
તેતો ભુત ભકિતસું રાખે પીઆર—ચેતો૦ ૫૦૬
એજી સતની વાતમાં સમજે નહિ,
અને ભુત ભકિતસું રાખે અતી પીઆર;
તેમાં જે ઉપર તમે કીરપા કરો,
સામી તે જીવ આવશે તે તમારે દુવાર—ચેતો૦ ૫૦૭
એજી તારે સતગુરૂ હસનશાહાને શામીજીએ એમ કહયું,
તમે સેંસો મ ધરશો લગાર;
અમે અમારા જીવ ઓળખી લેશું સંસારમાં,
તેનો તમ સીર બાકી નહિ ભાર—ચેતો૦ ૫૦૮
એજી એવો કઠણ પોહોરો તે માંએ જે જીવ ચેતશે,
અને રાતદીન રાખશે પોતાના મનનાં વીચાર;
આ સત ધરમ તેને સુજશે,
તે જીવ નહિ મેલશે ધરમ આચાર—ચેતો૦ ૫૦૯

એજી જે જીવ સત ધરમે પુરા હસે,
દસોંદ સુકરીતે ખંડત નહિ લગાર;
તે જીવ સરવે જાસે સરગમાં,
પછે જે કાંઈ કરસે અમારો ભરથાર–ચેતો૦ ૬૧૪
એજી જારે દીનરે માહાદનનો મંડાવશે,
તારે હોસે તે હલ હલકાર;
તે વેળા થાસે ઘણી દોહલી,
ત્યાં જેના ગુરૂ જુઠા હસે તે માહાદન માંહે ખાસે માર–ચેતો૦ ૬૧૫
એજી તારે તખતે કાયમ શામી બેસસે,
જે છે અલી નકલંકનો અવતાર;
તેનું તેજ તપ ત્યાં વાધશે,
આરબી રૂપે થાસે અલી વરદાતાર–ચેતો૦ ૬૧૬
એજી તારે થર થર ધરતી ધ્રુજશે,
આસમાન કંપસે અપાર;
ત્યાં પીર પેકામ્બર સરવે ધ્રુજસે,
સહુ કોઈ આપ આપણીમાં પડસે સંસાર–ચેતો૦ ૬૧૭
એજી ગુનેગારને સીર હુકમજ થાસે,
લેખા લેસે આપણો શામી રાજો સંભાર;
સાચ જુઠના પડસે પારખાં,
રકીસરો તમને કહું છું વારોવાર–ચેતો૦ ૬૧૮
એજી ધન ધન તે અવતાર પાત્રને,
જેણે શામી રાજે તે આલીઓ પોતાનો દીદાર;
તેની સેવાએથી મ ચુકોરે મુનીવરો,
એ સામીના ચલત્રનું અંત ન પાર-ચેતો૦ ૬૧૯
એજી સામીજીના ચલત્ર સામું નવ જોઈએ,
શ્રી સતગુરૂને વચને સેવા કરીએ સાર;
જેમ જેમ કલીકાર વાધસે મુનીવરો,
તેમ શામી રાજો ચલત્ર કરસે અપાર–ચેતો૦ ૬૨૦
એજી સતગુરે એમ કહી કહીને સંભલાવીઆ,
તે તમે મુનીવરો રાખજો રદયમાં વીચાર;
એમ કરતાં જે દોજકે જાસે,
તેનું સતગુરૂ હસનશાહા માથે નહિ ભાર-ચેતો૦ ૬૨૧

